**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૪.૬ ડીગ્રી
લઘુતમ : ૧૫.૨ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૪૯ ટકા

# શહેરમાં ઉત્તરાયણ પર્વે ચીકીની બોલબાલા

## સીંગ, તલ અને મીકસ ચીકીનું વેચાણ સૌથી વધુ થઈ રહ્યું છે



ગાંધીનગર, તા.૮

ઉત્તરાયણ નજીક આવતા શહેરમાં વિવિધ પ્રકારની ચીકીઓનું વેચાણ વધ્યું છે. સીંગલ, તલ અને મીકસ ચીકીનું વેચાણ સારા એવા પ્રમાણમાં થઈ રહ્યું છે. નાના-મોટા સૌને ભાવતી ચીકીની ખરીદી હાલમાં ખૂબ થઈ રહી છે.

ઉત્તરાયણ આવે એટલે પતંગ ચડાવવાની મજા સથે ધાબા પર ચઢી જાતભાતની ચીજવસ્તુઓ ખાવાની મજા માણવામાં આવે છે. ઉંધીયુ-જલેબીની મજા માણવાની સાથો સાથ શેરડી, બોર અને જામફળ આખો દિવસ ખાવામાં આવે છે. આ ઉપરાંત ચીકીની મજા તો ઉત્તરાયણ આવે તેના પહેલા જ માણવાનો પ્રારંભ થઈ જાય છે. સીંગ અને તલ ઉપરાંત ડ્રાયફ્રુટની ગોળમાં બનતી ચીકી સૌને ભાવે છે. બાળકોથી લઈને વડીલોને પ્રિય એવી મનભાવન ચીકીનું હાલમાં વેચાણ વધ્યું છે. મીઠાઈ-ફરસાણની દુકાનો ઉપરાંત છુટકમાં પણ ચીકીનું વેચાણ સારા એવા પ્રમાણમાં થઈ રહ્યું છે.

બજારોમાં હાલમાં સીંગ, તલ, દાળીયા, મીકસ, માવાચીકી, ક્રન્ચી, રાજગરા, બદામ, કાજુ અને ડ્રાયફ્રુટ ચીકી વેચાઈ રહી છે. સીંગ, તલ અને મીકસ ચીકીનો ભાવ ૨૮૦ રૂ. કિલો છે જયારે નવી વેરાયટી ક્રન્ચીનો ભાવ ૩૦૦ રૂ. કિલો છે. રાજગારની ચીકી પણ ૨૭૦-૨૮૦રૂ. કિલોના ભાવે વેચાઈ રહી છે. જયારે ડ્રાયફ્રુટ ચીકીનો ભાવ થોડોક ઉંચો છે. વિવિધ પ્રકારની ડ્રાયફ્રુટ ચીકી ૭૦૦ થી ૧૦૦૦ રૂ.ના ભાવે મળી રહી છે. કાજુ-ગુલાબ ચીકી નવી વેરાયટી છે. આ ઉપરાંત ચોકલેટ, કોકો અને ટોપરાની નવી વેરાયટીની ચીકી બાળકોને અને ટીનએજરોને ખુબ ગમી રહી છે. જો કે સૌથી વધુ વેચાણ સીંગ-તલ અને મીકસ ચીકીનું છે. ઉત્તરાયણ જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ ચીકીનું વેચાણ વધી રહ્યું છે. ઉત્તરાયણ પર્વે ચીકીનું વેચાણ ખુબ વધી જતું હોવાથી વેપારીઓએ અત્યારથી જ ચીકી બનાવી તેનો સ્ટોક કરવાનો પ્રારંભ કરી દીધો છે.



## રોટરી કલબ ઓફ કેપિટલ, ગાંધીનગર તેમજ વાડો કાઈ કરાટે ડૉ-ફેડરેશન ઓફ ઈન્ડીયા દ્વારા સેલ્ફ ડીફેન્સ કરાટે ટ્રેનીંગ કેમ્પ યોજાયો



ગાંધીનગર, તા.૮

રોટરી કલબ ઓફ કેપિટલ, ગાંધીનગર અને વાડો કાઈ કરાટે ડો ફેડરેશન ઓફ ઈન્ડીયા દ્વારા શ્રી નારાયણ હાયર સેકન્ડરી સ્કૂલ, કઠવાડા ખાતે ૩ દિવસનો સેલ્ફ ડીફેન્સ કરાટે ટ્રેનીંગ કેમ્પ યોજાયો હતો.

આ કેમ્પનો લાભ શાળાની ૧૦૦ જેટલી વિદ્યાર્થીનીઓએ લીધો હતો. ત્રિ-દિવસીય કેમ્પમાં બ્લેક બેલ્ટ તેમજ પ્રોજેકટ ચેરમેન શ્રી ગૌરાંગ રાણા દ્વારા વિદ્યાર્થીનીઓને સેલ્ફ ડીફેન્સની વિવિધ તરકીબો દ્વારા વર્તમાન સમયમાં પોતાનું સ્વરક્ષણ કેવી રીતે કરી શકાય તે અંગેની સુંદર ટ્રેનીંગ આપવામાં આવી હતી વિદ્યાર્થીનીઓએ તેનું નિદર્શન પણ કરેલ અને પ્રતિભાવો પણ રજૂ કર્યા હતા.

આ પ્રસંગે રોટરી કલબ ઓફ કેપિટલ, ગાંધીનગરના પ્રમુખ અમીબેન શાહે તેમજ પૂર્વ પ્રમુખ શ્રી અરવિંદ રાણાએ પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યુ હતું. કાર્યક્રમમાં ચાર્ટર પ્રેસીડન્ટ શ્રી જગતભાઈ કારાણી, પૂર્વપ્રમુખ શ્રી યશવંત જોશી, ટ્રેઝરર શ્રી અશ્વિન શર્મા અને શ્રી નારાયણ હાયર સેકન્ડરી સ્કૂલ, કઠવાડાના આચાર્યા, શિક્ષકો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ટ્રસ્ટીશ્રીઓ દ્વારા પણ આ પ્રવૃત્તિને બિરદાવવામાં આવી હતી. દરેક વિદ્યાર્થીનીઓને કોવિડ પ્રોટોકોલ મુજબ તાલીમ અને પ્રમાણપત્ર આપીને સન્માનિત કરાયા હતા. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન સંસ્થાના સેક્રેટરી શ્રી પાર્થ ઠક્કર દ્વારા કરવામાં આવ્યું હતું.

## ગાંધીનગર સાહિત્યસભા દ્વારા ઓનલાઈન કાર્યક્રમ 'સોશિયલ મીડિયા અને સાહિત્ય' સંવાદનું આયોજન

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર સાહિત્યસભા દ્વારા દર મહિનાના બીજા રવિવારે એમની માસિક બેઠક નિયમિત યોજાય છે. આ વખતે કોરોનાએ ફરી માથું ઉંચકતા ઓફલાઈનની જગ્યાએ ઓનલાઈન કાર્યક્રમ કરવાનું આયોજન ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાત દ્વારા કરવામાં આવ્યું છે. ગાંધીનગર સાહિત્યસભાના યુવાન સર્જકો કે જેઓ સોશિયલ મીડિયા સાથે કનેકટેડ છે એમને જ પ્લેટફોર્મ આપી આ કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો છે. 'સોશિયલ મીડિયા અને સાહિત્ય' વિષય પર કોમલ તલાટી અને નિસર્ગ બુચ એમની વાતો કરશે. આ કાર્યક્રમનું સંચાલન કારોબારી સભ્ય અને સોશિયલ મીડિયા પ્રતિનિધિ અજય રાવલ દ્વારા કરવામાં આવશે. ગાંધીનગર સાહિત્યસભાના સૌ સર્જકો અને સાહિત્ય પ્રેમીઓને આ કાર્યક્રમમાં હાજર રહી ગુજરાતી સાહિત્યની નવી જનરેશનને સાંભળવા અને પ્રોત્સાહિત કરવા નેહલ ગઢવીએ આમંત્રણ આપ્યું છે.




ચૌધરી બીએડ અને એમ.એડ. કોલેજ, સેકટર-૭ દ્વારા કોરોના જાગૃતિ અભિયાન અંતર્ગત રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. કોરોનાની રસી લેવા અંગે જાગૃતિ લાવવાનો આ રેલી દ્વારા પ્રયાસ કરવામાં આવ્યો છે.

## સે-૨ના પ્રશ્નો અંગે મેયરની મુલાકાતમાં ચર્ચા કરાઈ



ગાંધીનગર, તા.૮

ગાંધીનગરના વોર્ડ નંબર-૯માં સેક્ટર-૨ ખાતે તાજેતરમાં શહેરના મેયર અને ડેપ્યુટી મેયરે અધિકારીઓને સાથે રાખીને વોર્ડના પ્રાણપ્રશ્નો બાબતે મુલાકાત કરી હતી અને જુદા જુદા પ્રશ્નો બાબતે વોર્ડના કોર્પોરેટરો અને ઉપસ્થિત વરિષ્ઠ નાગરિકો સાથે ચર્ચા કરી હતી. આ તબક્કે સેકટર-૨ના સીનીયર સીટીઝન ગૃપના અગ્રાણી પ્રમોદભાઈ દવે કાકા દ્વારા મેયરને સાત પાનાના આવેદન પત્રની નકલ રજુ કરી સેક્ટર-૨ અને તમામ સેકટરને સ્પર્શતા મુદ્દાઓ બાબત આવેદન પત્ર આપી રજૂઆત કરી હતી જેમાં રખડતા ઢોરો અને કુતરાં બાબત સેક્ટર-૩ના અગ્રાણી સોનીભાઈ સાથે રહીને રજુઆત કરવામાં આવી હતી. જોડાયેલ. આ ઉપરાંત સેક્ટર-૨ પોસ્ટ ઓફિસ, પોલીસ ચોકી અને એટીએમથી વંચિત છે તે બાબતે પણ ચર્ચાઓ કરવામાં આવી હતી. મેયરે તમામ મુદ્દાઓને ચકાસી યોગ્ય નિકાલ કરવાની ખાત્રી આપી હતી અને જતા જતા શોપિંગ સેન્ટરમાં પણ મેયર-ડે.મેયરે ઉડતી મુલાકાત લઈ અને નિરીક્ષણ કર્યુ હતું.

## સે-૪માં ભાગવત કથામાં આજે શ્રી ક્રિષ્ણ જન્મોત્સવ


ગાંધીનગર, તા.૮

સેકટર-૪ ખાતે ચાલી રહેલ ભાગવત કથામાં આજે શ્રી ક્રિષ્ણ જન્મોત્સવ ખુબ જ ધામધુમથી ઉજવવામાં આવશે. બપોરે ૨ થી ૫ કલાકે શ્રી ભારતીબાપુ કથાનું ગાન અને રસપાન કરાવશે. સે-૪ ઓમકારેશ્વર મહાદેવ મંદિરે આ પ્રસંગનું આયોજન કરવામાં આવ્યું છે.

## કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન બીબીએ કૉલેજ દ્વારા ઉન્નતીકરણ તાલીમ અભિયાનનું આયોજન

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરની કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશન ખાતે વિદ્યાર્થીઓ માટે ઉપરોક્ત 'સ્કિલ ડેવલોપમેન્ટ એન્ડ એનહાસમેંટ કેમ્પેન' નું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ તાલીમ અભિયાનના ઉદઘાટન પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ બાબતે યુનિવર્સિટીના કમ્યુનિકેશન સ્કિલ ડિપાર્ટમેન્ટના વડા જીનલ જોશી તેમજ સમગ્ર ડિપાર્ટમેન્ટનો સહયોગ સાંપડ્યો હતો. ૧૫ દિવસની તાલીમ દરમ્યાન વિદ્યાર્થીઓને કમ્યુનિકેશનના બેઝિક નિયમો તેમજ તેની સરળ સમજ તેમજ રોજિંદા વ્યહવારમાં ઉત્તમ રીતે કમ્યુનિકેશન કરવા ની કળા અને પ્રોફેશનલ ક્ષેત્રે લોકો ને પ્રભાવિત



કરી શકાય આકર્ષિત કરી શકાય તેમજ કનવીન્સ કરી શકાય તે બાબતે તલસ્પર્શી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ડો.રમાકાંત પૃષ્ટિ એ વધુમાં જણાવ્યુ હતું કે વિદ્યાર્થીઓને કોલેજ દ્વારા આયોજિત થતાં તમામ વર્કશોપનો મહત્તમ લાભ લેવા જણાવ્યુ હતું. ઉપાચાર્ય તેમજ પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટી ના હેડ ડો.જયેશ તન્નાએ વિદ્યાર્થીઓને આજના વિષયની માહિતી આપી હતી. તેમજ તેની અગત્યતા સમજાવી હતી. તેમજ સમગ્ર વ્યવસ્થા ગોઠવી હતી.ત્યારબાદ મુખ્ય તાલીમ આપનાર તજજ્ઞ સ્વસ્તિ મેડમ, ડો.નેહા પટેલ, શુભ્રા ગૌતમ મેડમ ને કોલેજ વતી આવકાર્યા હતા. મુખ્ય વક્તા દ્વારા વિદ્યાર્થીઓને સફળ કારકિર્દી ઘડવા માટે માર્ગદર્શિત કરાયા હતા.

સમગ્ર કાર્યક્રમ આચાર્યશ્રી ડૉ.રમાકાન્ત પૃષ્ટિનાં માર્ગદર્શન હેઠળ, ઉપાચાર્ય તેમજ પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીના હેડ ડો.જયેશ તન્ના, ડો.આશિષ ભુવા તેમજ સમગ્ર કોલેજ પરિવાર દ્વારા સફળતા પૂર્વક યોજવામાં આવ્યો હતો.

## શુકન સ્કાય સોસાયટી દ્વારા કરાટેમાં વિશેષ સિદ્ધિ પ્રાપ્ત કરનાર ખેલાડીઓનું સન્માન કરાયુ




ગાંધીનગર, તા.૮

શુકન સ્કાય સોસાયટી સામાજિક, સંગઠનાત્મક અને સેવાકીય કાર્યો થકી સમાજમાં આગવું સ્થાન ધરાવે છે. આ બધાની સાથે રહીશોનો સર્વાંગી વિકાસ થાય તેવા પ્રયત્નો પણ સોસાયટી દ્વારા કરવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે બાળકો અને યુવાનો માટે કરાટેના નિયમિત વર્ગોનું સંચાલન પણ કરવામાં આવી રહ્યું છે.

વાડો કાઈ કરાટે ડો ફેડરેશન ઓફ ઈન્ડિયાના સહયોગથી ચાલતા નિઃશુલ્ક કરાટે વર્ગના વિદ્યાર્થીઓ કરાટે રમત ક્ષેત્રે પણ આગવી સિદ્ધિ પ્રાપ્ત કરી રહ્યા છે. તાજેતરમાં સોમનાથ ખાતે યોજાયેલ રાષ્ટ્રીય કક્ષાની કરાટે સ્પર્ધામાં વિજેતા થનાર ખેલાડીઓ તથા રાજયકક્ષાની સ્પર્ધામાં વિજેતા થનાર ખેલાડીઓને સોસાયટી દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.

સોસાયટીના ચેરમેન શ્રી નરેન્દ્રભાઈ પટેલ તથા સેક્રેટરી શ્રી શૈલેષભાઈ પંચાલ દ્વારા બાળકોને સ્વબચાવની સાથે સાથે સાહસી, નીડર અને અનુશાસિત બનાવતી કરાટે વિદ્યાનું પ્રશિક્ષણ આપવા બદલ શ્રી અરવિંદભાઈ રાણાનો આભાર માન્યો હતો તથા બંને સ્પર્ધાઓમાં વિજેતા થનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## શ્રી જે.બી. પ્રાથમિક શાળા દ્વારા કાઈટ મેકિંગ સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા.૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે.બી. પ્રાથમિક શાળાના ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓ માટે કાઈટ મેકિંગ સ્પધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તમામ વર્ગના કુલ ૪૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ વિવિધ પ્રકારનાં કાગળની મદદથી રંગબેરંગી પતંગો બનાવ્યા હતાં. શાળાના આચાર્ય નીવાબેન પટેલે ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## ચિરવિદાય

**● મુકિતધામ ●**

- સ્વ. પરમાર ઉષાબા રણજીતસિંહ, ઉ.વ. ૭૦, સેકટર-૩
- સ્વ. બિહોલા દિલિપજી બબુજી, ઉ.વ. ૬૨, નવા પાલજ
- સ્વ. મોદી મધુબેન સાંકળચંદ, ઉ.વ. ૭૩, દોલારાણા વાસણા
- સ્વ. મરાઠી (વાઘ) મંગેશભાઈ શાંતારામ, આદીવાડા

**● રૂદ્રભૂમિ ●**

- સ્વ. પ્રજાપતિ ગંગાબેન રામાભાઈ, ઉ.વ. ૬૫, કુડાસણ
- સ્વ. વોરા મહેન્દ્ર કોદરભાઈ, ઉ.વ. ૭૬, સેકટર-૪
- સ્વ. જાડેજા તેજુબા રામસંગ, ઉ.વ. ૯૩, સેકટર-૫

## શ્રીમતી એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં મેડીકલ સેમિનારનું આયોજન



ગાંધીનગર, તા.૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી ગાંધીનગર સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં વુમન ડેવલોપમેન્ટ સેલ (ડબલ્યુ.ડી.સી.)ના સંદર્ભમાં એક મેડીકલ સેમિનારનું આયોજન કેમ્પના મહિલા કોલેજ હોલમાં કરવામાં આવ્યું હતું. જેનો મુખ્ય વિષય સ્ત્રી રોગોની જાણકારી, સમસ્યા તથા ઉપચાર હતો. વકતાશ્રી તરીકે ગાંધીનગર શહેરના જાણીતા સ્ત્રી રોગોના નિષ્ણાત ડૉ. જૈનિશા ચૌધરી, યશદીપ મેટરનીટી હોમ સેકટર-૨૧ હતા. આ સેમિનારમાં ઓનલાઈન શાળાની વિદ્યાર્થીની બહેનો તથા તેના વાલીશ્રીઓ ખૂબ બહોળી માત્રમાં જોડાયા હતા. તેઓશ્રી દ્વારા સ્ત્રી રોગની જાણકારી, બ્રેસ્ટ કેન્સર વિશે પ્રેકટીકલ તથા થીયરીકલ નોલેજની સમજ આપી હતી. ઉપરાંત શાળામાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની બહેનો તથા વાલીશ્રીઓ દ્વારા રોગો વિશે પુછેલા પ્રશ્નોની જાણકારી સચોટ રીતે આપવાનો ખૂબ સરસ પ્રયાસ કર્યો હતો. આ સેમિનારમાં શાળાના શિક્ષિકા બહેનો પણ ઉપસ્થિત રહ્યા હતા. શાળાના આચાર્યશ્રી દ્વારા ડૉ. જૈનિશાબેનનું મોમેન્ટો આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. અને અંતમાં આભાર વ્યકત કર્યો હતો. સમગ્ર સેમિનારનું આયોજન ડબલ્યુ.ડી.સી.ના કન્વીનર સુધાબેન પટેલે કર્યું હતું.

## સદ્‌ભાવ ટ્રસ્ટ દ્વારા શહેરના શ્રમિકોને ધાબળા વિતરણ કરાયું

ગાંધીનગર, તા.૮

સદભાવ ટ્રસ્ટ, સેક્ટર-૨૩, ગાંધીનગર દ્વારા રોડની બાજુમાં અને ઝાડની નીચે ખુલ્લા આકાશમાં સૂતેલા શ્રમિકો અને ગરીબોને ગરમ ધાબળાનું વિતરણ તારીખ ૦૮-૦૧-૨૦૨૨ ના રોજ વહેલી સવારે ૫:૩૦ કલાકે કરેલ છે.





સદભાવ ટ્રસ્ટ, સેકટર ૨૩, ઝુંપડાવાસીઓને, ઝૂંપડાની આગળ સ્કૂટર, બાઈક કે રીક્ષા પડી હોય તેને ગરમ ધાબળા હાથમાં આપતું નથી , પરંતુ જાહેર રોડની બાજુમાં ટૂંટિયુંવાળીને સૂતેલા શ્રમિકો અને ગરીબોને દર વર્ષે ધાબળાનું વિતરણ કરે છે. શ્રી પ્રકાશભાઈ રામાભાઈ પટેલ, (રાંધેજા વાળા બિલ્ડર) અને ઉપપ્રમુખ ધી ગાંધીનગર અર્બન કો ઓ બેંક તરફથી આજે વિતરણ કરેલ ૫૦ ધાબળાનો ખર્ચ આપેલ છે.

સદભાવ ટ્રસ્ટના પ્રમુખ શ્રી સાંકાભાઈ જે .પટેલ, મંત્રી શ્રી નટુભાઈ આર પટેલ, ઉપપ્રમુખ શ્રી બાબુભાઈ એમ. પટેલ, જાયન્ટ્સ ગ્રુપના પ્રમુખ શ્રી વિકેશભાઈ પટેલ વગેરેએ આ ધાબળા વિતરણના કાર્યક્રમમાં વહેલી સવારે ૩:૩૦ કલાકે શ્રમિકોને ધાબળા ઓઢાડયા હતા.

રસ્તા પરના શ્રમિકોને જ્યારે ધાબળા ઓઢાડવામાં આવે છે ત્યારે આ શ્રમિકોને ખબર પણ હોતી નથી કે તેમના પર ગરમ ધાબળો કોણ ઓઢાડી ગયું છે. આમ ખરેખર જે શ્રમિકને કે ગરીબને ગરમ ધાબળાની જરૂર છે એવા લોકોને સદભાવ ટ્રસ્ટ દર વર્ષે ધાબળા વિતરણ કરે છે.


## જન્મદિને વધામણી



ઉમંગ ડામોર



ભાવસાર નિકુંજકુમાર ઉમેશભાઈ
મો. ૭૨૮૪૦ ૧૩૩૮૨



ધ્રુવિલ ધર્મેન્દ્રકુમાર શર્મા



રુદ્ર યોગેશકુમાર પટેલ
મો. ૯૮૨૪૯ ૯૬૮૮૮



જૈનમ રવીન્દ્ર નાયી
મો. ૯૭૨૫૭ ૩૩૪૧૨